**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૪/૧૧/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૫૬/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :-**

## અમદાવાદ શહેર ના તેલ તથા ઘીના વેપારીઓ સાથે ચીટીંગ કરી તેલ તથા ઘીનો જથ્થો પચાવી પાડનાર ઇસમનેઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચ નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ, અધીક નાયબ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓએ મિલ્કત સબંધી ગુન્હા ન બને તથા આવા ગુન્હા કરનાર આરોપીઓ શોધી કાઢવા આપેલ સુચના અનુસાર એન્ટીપ્રોપર્ટી સ્કોર્ડ-2પોલીસ ઇન્સ્પેકટર કે.જી.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ ટીમનેમળેલ હકીકત આધારેદેવેન્દ્રભાઇ ઉર્ફે દિપુ સ/ઓ ગોપીચંદ ટોપલમલ જાતે પરસવાણી (સીન્ધી) ઉ.વ.27 રહેવાસી. મ.નં.4 શનવીલા એપાર્ટમેન્ટ જુના ઓકટ્રોય નાકા પાસે નાના ચિલોડા રોડ નરોડા અમદાવાદ શહેરનાને નરોડા નાના ચિલોડા ચાર રસ્તા ખાતેથી છોટ હાથી લોડીંગ જીજે.01.સીયુ.5767 ની રીક્ષા મા પામોલીન તેલના કુલ ડબ્બા નંગ-75 તથા વનસ્પતી ઘી ના બોક્ષ નંગ-48 કુલ્લે રુપીયા 1,23000/-ના જથ્થા સાથે જડપી પાડી અટક કરવા મા આવેલ છે. સદરીને પુછ પરછ કરતા પોતે તથા પોતાના મીત્ર શશી ઉર્ફે ભરત તથા નીરજ સાથે મળીઅલગ અલગ ફોન નંબરથી અમદાવાદ શહેર ના તેલના તથા ઘી ના વેપારીઓને ફોન કરી ઓર્ડર આપી માલ મગાવતા હોઇ અને માલ ડીલવરી થવા આવી જાય ત્યારે ડીલેવરી કરવા આવનાર ડ્રાયવર ને પોતે વિશ્વાસમા લઇ પૈસા લઇ ને આપુ છુ તમે કહી તેમની પાસેની લોડીંગ રીક્ષામા તેલ કે ઘીના ડબ્બા ઉતરાવી દઇ ડીલેવરી લઇ આવનાર માણસને તમો અહી ઉભા રહો હુ પૈસા લઇ ને આવુ છુ તેમ કહીતેની પાસેની રીક્ષામા માલ લોડ કરી પૈસા નહી આપી વેપારી સાથે છેતરપીંડી કરવા ની ટેવ વાળો છે જે બાબતે હાલ મા સરદાર્નગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં. 348/17 ઇપીકો કલમ 406,420, તથા ફસ્ટ ગુ.ર.નં. 354/17 ઇપીકો કલમ 406,420, મુજબ ના ગુના ડીક્ટેટ થવા પામેલ છે તેમજ આ પ્રકાર ની છેતરપીંડી બીજા કેટલા વેપારી સાથે કરવામા આવેલ છે તે બાબતે આગળ ની ત્તપાસ હાથ ધરવામા આવેલ છે

**મારફતે ચોરી કરાવી પાકીટમાં રાખેલ રોકડા પૈસા તથા સોનાના દાગીના વિગેરેની ચોરીઓ કરતી મધ્ય પ્રદેશ રાજ્યની ગેંગને ઝડપી પાડી કુલ - ૨૦ ગુન્હાઓનો ભેદ ઉકેલી કાઢતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન નાઓએ આપેલ સુચના અનુસંધાને અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા તથા મદદનીશ પોલીસ કમી. શ્રી. સી.એન. રાજપુત નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એ.ડી.પરમાર તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ. કોરોટ તથા શ્રી કે.ડી. જાડેજા તથા કે.જી.ચૌધરી નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઇન્ડીકેપ (ITI) ત્રણ રસ્તા થઇ નરોડા ગેલેક્ષી તરફ જવાના રોડ થી બાતમી હકીકત આધારે (૧) રાજુભાઇ દલસુખભાઇ ઠાકોર ઉ.વ.૩૮ રહે. મફતનગર મહાપ્રભુજીની બેઠક સામે નરોડા અમદાવાદ તથા (૨) ચંદનસિહ જગજીવન જાતે સીસોદીયા (સાશી) ઉ.વ.૨૨ રહે. ખોડીયારનગર વિભાગ-૩ ધારસીગ કમલસીગ રાઠોડ ના મકાનમાં, મ્યુની.પ્રાથમીક શાળા નં.૩,૪ ની બાજુમાં નોબલનગર સરદારનગર અમદાવાદ મુળગામ:- કડીયા પોસ્ટ:- પીપલ્યા રસોડા તા.પચોર કડીયા જી. રાજગઢ (એમ.પી.) તથા (૩) કરણસીગ S/O નીરભયસીગ જાતે સાશી (સીસોદીયા) ઉ.વ.૨૫ રહે. સદર તથા (૪) કરણ S/O મુકેશભાઇ જાતે સાશી (સીસોદીયા) ઉ.વ.૨૨ રહે. સદર તથા (૫) શુભમ S/O જીતુભાઇ જમનાભાઇ જાતે સાશી (સીસોદીયા) ઉ.વ.૧૩ નાઓને સફેદ કલરની અર્ટીકા કાર નં. GJ-18-BG-6843 સાથે પકડી પાડેલ અને તેઓની અંગ જડતીમાંથી મોબાઇલ ફોનો નંગ-૫ કિ. રૂ.૧૩,૫૦૦/- અંગ જડતીના નાણા રૂ.૧૦,૯૦૦/- તથા છુટા સીમકાર્ડ નંગ-૮ તથા મારૂતી અર્ટીકા કારની કિ. રૂ.૮,૦૦,૦૦૦/- મળી **કુલે કિ.રૂ.૮,૨૪,૪૦૦/- નો** મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

ઉપરોકત પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી (૧) ચંદનસિહ જગજીવન સીસોદીયા (સાશી) તથા (૨) કરણસીગ નીરભયસીગ સીસોદીયા ઉ.વ.૨૫ તથા (૩) કરણ S/O મુકેશભાઇ સીસોદીયા ઉ.વ.૨૨ તથા (૫) શુભમ S/O જીતુભાઇ સીસોદીયા ઉ.વ.૧૩ ની સઘન પુછ પરછ કરતાં આરોપી ચંદનસિહ જગજીવન સીસોદીયા નાનો મુખ્ય આરોપી છે. જે પોતાની ગેગના માણસોને સાથે રાખી એમ.પી. રાજગઢ જીલ્લાના પાચોર તાલુકામાં બેન્કમાંથી પૈસા ઉપાડી બહાર નીકળનાર વ્યક્તિની રેકી કરી પૈસા ભરેલ પાકિટ કે થેલીની નજર ચુકવી ચોરી કરવાનુ તેમજ પૈસા ભરેલ થેલી કે પાકિટને બ્લેડ મારી રોકડા રૂપિયાની કાઢી લેતા હતાં. તેમજ પાર્ટી પ્લોટોમાં લગ્ન પ્રસંગ કે રીસેપ્સન નો કાર્યક્રમ ચાલતો હોય તેમાં અંદર જઇ કિમતી દર દાગીના ભરેલ પર્સ કે થેલી ની ચોરીઓ કરતા હતાં.

ઉપરોક્ત પકડાયેલ મુખ્ય આરોપી ચંદનસિહ જગજીવન સીસોદીયા પોતાની ગેગના સહ આરોપીઓ સાથે અવાર નવાર અમદાવાદ ખાતે આવી ભાડાના મકાનમાં રહેતો હતો. જે પોતાની ગેંગના માણસોને સાથે રાખી અમદાવાદ શહેર તથા બીજા અન્ય શહેર તથા તાલુકા, જીલ્લાઓમાં ફોર વ્હીલ ગાડી ભાડે

રાખી દિવસ દરમ્યાન બેંક તથા પાર્ટી પ્લોટોની રેકી કરતો હતો. અને રેકી કર્યા બાદ ગાડીના ડ્રાયવર પાસે દુર ગાડી પાર્ક કરાવી બેન્ક કે પાર્ટી પ્લોટ નજીક જઇ પોતે (ચંદનસિંહ) તથા કરણસીગ નીરભયસીગ નાઓ સાથે બહાર રેકી તેમજ દેખરેખ રાખતા હતા. અને કરણ મુકેશભાઇ તથા શુભમ જીતુભાઇ નાઓ પાર્ટી પ્લોટ કે બેન્કમાં જઇ રેકી કરી કિમતી સરસામાન કે રૂપિયા ભરેલ થેલી કે પર્સ ની નજર ચુકવી ચોરી કરી લેતા હતાં. જેમાં ચોરી કરવા સારૂ શુભમ જીતુભાઇ ને મોકલતા હતાં. જે નાની ઉમર નો છોકરો લાગવાથી તેના ઉપર કોઇ શક વહેમ ના કરે તે સારૂ શુભમ જીતુભાઇ નાઓને મોકલતા હતાં. જે શુભમ જીતુભાઇ નાઓ લગ્ન પ્રસંગ કે પાર્ટી પ્લોટમાં જાય ત્યારે તે શુટ કે સેરવાણી પહેરી પાર્ટી પ્લોટમાં જતો હતો. જેની સાથે કરણ મુકેશભાઇ નાનો પણ સાથે જતો હતો. જે કરણ મુકેશભાઇ નાનો જે દર દાગીના ભરેલ પર્સ કે થેલી કહે તે શુભમ જીતુભાઇ નાનો ઉઠાવી લઇ નીકળી જતો હતો. આ પ્રમાણે આ ગેંગે આજદીન સુધી <u>અમદાવાદ શહેર ખાતે -૪ તથા ગાંધીનગર ખાતે- ૧ તથા નડીયાદ-૧ તથા આણંદ ખાતે -૨ તથા સુરત શહેર ખાતે -૩ તથા દમણ ખાતે -૧ તથા મહેસાણા ખાતે -૨ તથા થરાદ ખાતે ૧ તથા તલોદ ખાતે -૩ તથા હિમતનગર ખાતે-૧, ભીલોડા-૧</u> મળી <u>કુલ- ૨૦</u> જેટલા ગુનાનો ભેદ ઉકેલાયેલ છે. જે પૈકી આરોપીઓ પોતાની ગેંગમાં સામેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને સાથે લઈ જઈ તેના મારફતે લગ્ન પ્રસંગના પાર્ટીપ્લોટો તેમજ બેંક ઉપર વોચ રાખી લગ્નમાં સદરહુ કિશોરને મોકલી તેના મારફતે લગ્નમાં આવેલ મહેમાનોની નજર ચુકવી તેમના પાકીટોની ચોરીઓ કરાવતા હતા અને આ સિવાય બેંકોમાં વોચ રખાવી પૈસા ઉપાડનાર વ્યક્તિની વોચ રખાવી સદરહુ વ્યક્તિની નજર ચુકવી તેમના પૈસાના પાકીટ અથવા થેલીની સદરહુ કિશોર દ્વારા નજર ચુકવી ચોરી કરાવતા હતા અને જે તમામ આરોપીઓની હાલ પુછ પરછ ચાલુ છે અને વધુ ગુન્હાનો ભેદ ઉકેલાય તેવી શક્યતા રહેલ છે અને વધુ તપાસ પો.સ.ઈ. કે.ડી જાડેજા નાઓ ચલાવી રહેલ છે.

## <u>ગુજરાત રાજય મા હાઇવે ઉપર લુટ કરતી ડફેર સંઘી ટોળકી ને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ, અધીક પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓએ મિલ્કત સબંધી ગુન્હા ન બને તથા આવા ગુન્હા કરનાર આરોપીઓ શોધી કાઢવા આપેલ સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ટીમને મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર સરખેજ રેલ્વે ક્રોસીંગ ખાતે થી (1) લોંગ તૈયબ સંધિ ભટ્ટી ઉવ.36 રહે, ગામ આંતરનેસ (રાણીસર) પોસ્ટ-ગોખાતર તા.સાંતલપુર જીપાટણ (2) સીદ્દીક @ ગાંડો સ/ઓ જૈમામત સંધિ લાડક ઉવ.45 રહે, ગામ એડલા તા.માંડલ, જી.અમદાવાદ (3) શરીફ સાદિક સંધિ ભટ્ટી ઉ.વ.22 રહે, ગામ: રાણીસર પોસ્ટ-ગોખાતર તા.સાંતલપુર જી.પાટણ (4) વલીમહંમદ મીરા મધરા સંધિ ઉ.વ.40 રહે,અમરાપુર પાટી, મધરાવાસ પોસ્ટ- અમરાપુર તાસમી જી.પાટણ. ને એક ટ્રક નંબર GJ-2-Y-4718 માં સાથે અટકાવી પુછપરછ તપાસ કરતાં સદર હુ ઇસમો ના કબ્જા માથી ચાંદીની બ્રેસલેટ સાથે ની લક્કી નંગ-5 જેની ઉપર જય ગોગા તથા જય વડવાળા લખેલ છે તથા અલગ અલગ કંપની ના મોબાઇલ નંગ-8 તથા રોકડા રુપીયા 21080/- તથા ટ્રક મળી કુલ્લે રૂ. 7,48,580/- ના મુદામાલ સાથે પકડી અટક કરવા મા આવેલ છે આ અંગે વધુ તપાસમાં ડફેર લોંગ તૈયબ સંધિ ભટ્ટી(1)સાંતલપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.37/15 ઇ.પી.કો. કલમ 395, 397, (2)અંજાર પુર્વ પોલીસ સ્ટેશન ફગુ.ર.નં.103/15 ઇ.પી.કો. કલમ 454, 457, 380, (3)શંખેશ્વર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.18/15 ઇ.પી.કો. કલમ 447, 379, 114, (4) સુઇગામ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.08/15 ઇ.પી.કો. કલમ 395, 392 મુજબ ના ગુના મા નાસતો ફરે છે સદરી આરોપીઓ પૈકી ડફેર લોંગ તૈયબ સંધિ ભટ્ટી નાનો અગાઉ ગુનાહીત ઇતીહાસ ધરાવે છે તે અગાઉ મહેસાણા મા ચોરી, તથા ભચાઉ મા લુટ ના ગુના મા પકડાયેલ છે અને આ ડફેરો હાઇવે ઉપર લુટ કરવા ની ટેવવાળા છે સદરી નાઓ ને અટક કરી તેઓ ના કબજા માથે મળેલ મુદામાલ બાબતે વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.